# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08/05/2026** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં યોજાનારા "સોમનાથ અમૃત મહોત્સવ" માટેની તૈયારીઓ પૂરજોશમાં.**
2. **કેન્દ્રીય નાણામંત્રી નિર્મળા સીતારમણે કહ્યું, પશ્ચિમ એશિયાના સંઘર્ષ વચ્ચે પણ દેશભરમાં LPG ગેસની કોઈ અછત નથી.**
3. **નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ દરેક કલેક્ટરને જિલ્લાના વિકાસના વડા તરીકે જવાબદારી નિભાવવા અને વહીવટમાં પારદર્શકતા લાવવા આગ્રહ કર્યો**
4. **ભાવનગરની સરકારી બેન્કમાં કરોડો રૂપિયાના ધિરાણ કૌભાંડ મામલે ચીફ મૅનેજરની ધરપકડ.**
5. **રાજ્યમાં આગામી 48 કલાક બાદ ગરમી વધવાની શક્યતા.**

--------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# SOMNATH AMRUT MAHOTSAV

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 11 તારીખે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરમાં "સોમનાથ અમૃત મહોત્સવ"માં સહભાગી થશે. ત્યારે કૃષિમંત્રી જિતુ વાઘાણીએ ગઈકાલે સાગર દર્શન ખાતે વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠક યોજી આ પર્વની તૈયારીની માહિતી મેળવી. તેમણે કાર્યક્રમ સ્થળની મુલાકાત લઈ સમગ્ર વ્યવસ્થાની સમીક્ષા પણ કરી હતી.

શ્રી વાઘાણીએ પ્રધાનમંત્રીના રોડ શૉ, બેરિકેટિંગ સહિતની વ્યવસ્થા તેમજ મંદિર પરિસરમાં સાંસ્કૃતિક કાર્યક્રમ, સૂર્યકિરણ એર શૉ સહિતની તમામ તૈયારીઓની સમીક્ષા કરી કાર્યક્રમના આયોજન અંગે ચર્ચા કરી હતી.

# SITHARAMAN BOOK FAIR

કેન્દ્રીય નાણામંત્રી નિર્મળા સીતારમણે કહ્યું, પશ્ચિમ એશિયાના સંઘર્ષ વચ્ચે કેન્દ્ર સરકારના યોગ્ય આયોજન થકી દેશભરમાં LPG ગેસની કોઈ અછત નથી. કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગરહવેલી તથા દમણ-દીવમાં પુસ્તક મેળા અને ઔદ્યોગિક પ્રદર્શનનો પ્રારંભ કરાવતાં સુશ્રી સીતારમણે આ વાત કહી. તેમણે પ્રદેશમાં ગત એક વર્ષમાં થયેલી ઔદ્યોગિક પ્રગતિની પણ પ્રશંસા કરી.

**BYTE: NIRMALA SITHARAMAN, FINANCE MINISTER**

સુશ્રી સીતારમણે સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ – MSME ક્ષેત્રને મજબૂત બનાવવા, ઔદ્યોગિક સુવિધા વધારવા અને વેપાર-ઉદ્યોગમાં સરળતાને પ્રોત્સાહન આપવા કેન્દ્ર સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

## NITI AAYOG IIM

કેન્દ્રીય મહિલા અને બાળવિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવીએ મહિલા સશક્તિકરણ માટે સહકારાત્મક અભિગમ એ સમયની માગ હોવા પર ભાર આપ્યો. નીતિ આયોગ દ્વારા IIM અમદાવાદ ખાતે ટકાઉ વિકાસ લક્ષ્ય – 5 લિંગ સમાનતા અંગે યોજાયેલી કાર્યશાળાને વર્ચ્યૂઅલ સંબોધતાં સુશ્રી દેવીએ કહ્યું, રિયલટાઈમ મૉનિટગરિંગ ઍપ્સ, ડિજિટલ ફરિયાદ નિવારણ પૉર્ટલ અને જિલ્લા સ્તરના સૂચકાંકો દ્વારા સરકારની યોજનાઓનો લાભ વાસ્તવિક લાભાર્થીઓ સુધી અસરકારક રીતે પહોંચાડી શકાય છે.

ઉલ્લેખનીય છે કે, કાર્યશાળામાં મહિલા સશક્તિકરણ, મહિલા નેતૃત્વ આધારિત વિકાસ અને આંકડાઓ આધારિત નીતિ અમલીકરણ અંગે ચર્ચા કરવામાં આવી.

## SANGHAVI CHINTAN SHIBIR

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ દરેક કલેક્ટરને જિલ્લાના સર્વાંગી વિકાસના વડા તરીકે જવાબદારી નિભાવવા અને વહીવટમાં સંપૂર્ણ પારદર્શકતા લાવવા આગ્રહ કર્યો. ગાંધીનગરમાં અડાલજના ત્રિમંદિર ખાતે મહેસૂલ વિભાગની ત્રણ દિવસની ચિંતન શિબિરના સમાપન સમારોહને સંબોધતા શ્રી સંઘવીએ કહ્યું,

અસામાજિક તત્વો પર લગામ કસવા 'પાસા' કે 'તડીપાર' જેવી દરખાસ્ત પર નિર્ણય લેતા પહેલા પોલીસ અધિકારીઓને સાંભળીને મહત્તમ કડક પગલાં લેવા જોઈએ.

શ્રી સંઘવીએ પારદર્શક રીતે ચૂંટણી પ્રક્રિયા અને વહીવટી કાર્યમાં રાત-દિવસ એક કરીને સમૂહ કાર્ય કરવા બદલ મહેસૂલ વિભાગની પ્રશંસા પણ કરી હતી.

**BYTE: HARSH SANGHAVI, DyCM GROUND ZERO**

## SANGHAVI OCA LETTER

સાણંદમાં માઈક્રોનની મુખ્ય સપ્લાય ચેઈન પાર્ટનર કંપની 'હોતાયી ઇલેક્ટ્રોનિક્સ' આગામી 10 વર્ષમાં અંદાજે 700 કરોડ રૂપિયાનું રોકાણ કરશે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ મલેશિયા સ્થિત આ કંપનીને ઑફર કમ ઍલોટમેન્ટ એટલે કે, જમીન ફાળવણી માટેનો પત્ર એનાયત કર્યો.

આ પ્રસંગે શ્રી સંઘવીએ રાજ્યમાં સેમિ-કન્ડક્ટર અને ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદન માળખું વધુ મજબૂત બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો. તેમણે કહ્યું, અદ્યતન ઉત્પાદન અને કૃત્રિમ બુદ્ધિમત્તા – A.I. સંચાલિત યંત્રોના ઉપયોગથી થતી પ્રક્રિયા એટલે કે, ઑટોમેશન ટૅકનોલૉજીના ઉપયોગથી સ્થાનિક સ્તરે ટેકનોલોજિકલ પ્રગતિ થશે અને મોટા પાયે રોજગારીની તકનું સર્જન થશે.

## GOVERNOR METRO TRAVEL

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગાંધીનગરથી અમદાવાદ સુધી મેટ્રો ટ્રેનમાં મુસાફરી કરી. દરમિયાન તેમણે મુસાફરો સાથે સંવાદ કરી તેમના અનુભવ જાણ્યા હતા. ગાંધી આશ્રમ પુનરોદ્ધાર યોજનાની સમીક્ષા કરવા રાજ્યપાલશ્રી સચિવાલય મેટ્રો મથકથી રાણિપ મેટ્રો મથક સુધી મુસાફરી કરી.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....................................

## BHAVNAGAR LOAN SCAM

ભાવનગરની સરકારી બેંન્કમાં કરોડો રુપિયાના ધિરાણ કૌભાંડ મામલે નીલમબાગ શાખાના ચીફ મેનેજરની ધરપકડ કરવામાં આવી છે. અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે, અગાઉ પ્રધાનમંત્રી રોજગાર સર્જન કાર્યક્રમ – **PMEGP** યોજના હેઠળ ધિરાણ મેળવી બેંન્ક સાથે છેતરપિંડી થયાની ફરિયાદ

નોંધાઈ હતી. તપાસ દરમિયાન બેન્કના ઉચ્ચ અધિકારીઓ આ કૌભાંડમાં સામેલ હોવાનું જણાયું. આરોપીઓએ ખોટા દસ્તાવેજ અને પહોંચના આધારે બેન્ક પાસેથી કરોડો રૂપિયાનું ધિરાણ મેળવ્યું હોવાનું પણ તપાસમાં ખૂલ્યું છે. અગાઉ પોલીસે આ મામલે ચાર મહિલા લોનધારક સહિત બે એજન્ટની ધરપકડ કરી હતી. જોકે, હજી 38 જેટલા લોકો અને કૌભાંડમાં સામેલ અન્ય લોકોની તપાસ હાથ ધરાઈ છે.

## SURENDRANAGAR DEMU TRAIN

રેલવે તંત્ર દ્વારા આગામી 12 તારીખથી સુરેન્દ્રનગર–ધ્રાંગધ્રા ડેમુ ટ્રેનને કાયમી ધોરણે ચલાવવાનો નિર્ણય કરાયો છે. રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કૉમર્શિયલ મેનેજર સુનિલ કુમાર મીનાએ કહ્યું, આ ટ્રેન સુરેન્દ્રનગર મથકથી દરરોજ સવારે પાંચ વાગ્યે ઉપડશે અને સવારે છ વાગ્યે ધ્રાંગધ્રા પહોંચશે. તેનું ભાડું 10 રૂપિયા રહેશે.

## ARAVALLI MOCKDRILL

અરવલ્લીમાં રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ – **NDRF** દ્વારા વહીવટી અધિકારીઓ અને કર્મચારીઓને તાલીમ અપાઈ. મોડાસા તાલુકાના ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ – **G.I.D.C.** વિસ્તારમાં બેકવેલ ખાતે યોજાયેલી તાલીમમાં આપત્તિ સમયે ત્વરિત પ્રતિસાદ, સલામતીના પગલા અને રાહત કાર્યો અંગે જાણ કરવામાં આવી.

**VOICECAST: ANKIT CHAUHAN**

# WORLD THALASSEMIA DAY

“હવે છૂપાવો નહીં: નિદાન વિહોણાને શોધો, વણઓળખાયેલાને સહારો આપો”ની વિષયવસ્તુ સાથે આજે વિશ્વ થેલેસેમિયા દિવસ મનાવાશે. સત્તાવાર યાદી મુજબ, થેલેસેમિયા એ લોહીનો વારસાગત રોગ છે. તે અંગે જાગૃતિ લાવવા અને થેલેસેમિયાગ્રસ્ત દર્દીઓને મદદરૂપ થવાના ઉદ્દેશથી થેલેસેમિયા ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા આઠ મે-એ 'વિશ્વ થેલેસેમિયા દિવસ' મનાવાય છે.

આ વખતે આ દિવસની વિષયવસ્તુનો હેતુ એવા લોકોને શોધવાનો છે, જેમને હજી સુધી પોતાની બીમારીની જાણ નથી અને જેઓ આ બીમારી સાથે લડી રહ્યા છે, છતાં લોકોની નજરમાં નથી આવ્યા તેમને મદદ પૂરી પાડવાનો છે.

# WEATHER FORECAST

રાજ્યમાં આગામી 48 કલાક બાદ ગરમી વધી શકે છે. દરમિયાન આજે દાહોદ, છોટાઉદેપુર, નર્મદા, તાપી, ડાંગ, રાજકોટ, જુનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, બોટાદ અને દીવમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના હોવાનું હવામાન વિભાગના પ્રાદેશિક નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

**BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD**

ગત 24 કલાકમાં રાજ્યમાં સૌથી વધુ 43 ડિગ્રી સેલ્સિયસ તાપમાન રાજકોટમાં નોંધાયું. જ્યારે અમરેલીમાં 42, કંડલા વિમાનમથક, સુરેન્દ્રનગર અને વડોદરામાં 41 ડિગ્રી તાપમાન રહ્યાના અહેવાલ છે.

# VALSAD KERI NUKSAN

વલસાડના ધરમપુર અને કપરાડા તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં કાળઝાળ ગરમી વચ્ચે વરસાદી ઝાપટાં પડતા લોકોને ગરમીમાંથી આંશિક રાહત મળી, પરંતુ કેરીના પાક પર નિર્ભર ખેડૂતો નુકસાનની ભીતિ સેવી રહ્યા છે.

# CRICKET - IPL

ઈન્ડિયન પ્રીમિયર લીગ IPL ટી 20 ક્રિકેટમાં આજે દિલ્હી કેપિટલ્સ અને કોલકાતા નાઈટ રાઇડર્સ વચ્ચે મુકાબલો થશે. દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે સાંજે 7:30 વાગ્યે આ મેચ શરૂ થશે. દિલ્હીની ટીમ અક્ષર પટેલ અને કોલકાતાની ટીમ અંજિક્યા રહાણેની આગેવાની હેઠળ મેદાનમાં ઉતરશે.

દરમિયાન ગઈકાલે લખનઉમાં રમાયેલી મેચમાં લખનઉ સુપર જાયન્ટ્સે DLS પદ્ધતિનો ઉપયોગ કરી રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને નવ રનથી હરાવ્યું.

-----------------------------------------------------